

# વિશ્વની બીજી સૌથી ઊંચી ઈમારત આવતા વર્ષે ખુલશે

2023ના મધ્યમાં કુઆલાલંપુરમાં વિશ્વની બીજી સૌથી ઉંચી ઈમારત મેરડેકા 118 ટાવર ખુલશે. ડેવલપર પીએનબી મેરડેકા વેન્ચર્સના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તેંગકુ અબ અઝીઝ તેંગકુ મહમૂદે જણાવ્યું હતું કે, બાંધકામનો દર હાલમાં ટ્રેક પર છે, જે 92 ટકા સુધી પહોંચી ગયો છે.

મેરડેકા ૧૧૮ ટાવર ૬૭૮.૯ મી. પર ઉભો રહેશે. આંકડો ૧૧૮ ઈમારતમાં ફ્લોરની સંખ્યા દર્શાવે છે.

દુબઈમાં માત્ર બુર્જ ખલીફા સૌથી ઊંચી ઈમારત છે, જે 830 મીટરની ઊંચાઈ ધરાવે છે.

3.1 મિલિયન ચોરસ ફૂટના ફ્લોર એરિયામાં ફેલાયેલા આ મેરડેકા 118 ટાવરમાં પ્રીમિયમ ગ્રેડ-એ રેન્ટેબલ ઓફિસ સ્પેસનો 1.7 મિલિયન ચોરસ ફૂટનો ચોખ્ખો ભાડે આપી શકાય એવો એરિયા સામેલ છે. ટોચના ૧૭ માળમાં મલેશિયામાં પ્રથમ અને એકમાત્ર પાર્ક હયાત હોટલ હશે.

ટાવરના નીચેના માળ પર એક વિશાળ મોલ સ્થિત હશે.





# પૂર્વ થાઈલેન્ડના મ્યુઝિક પબમાં આગ લાગતા ઓછામાં ઓછા ૧૪નાં મોત

**ડઝનબંધ** લોકોને ઇજા, લોકો સંગીત સાથે પીવાની મોજ માણી રહ્યા હતા તે સમયે મધરાત પછી આગ ફાટી નિકળી

**આગનું** ચોક્કસ કારણ હજી જાણવા મળ્યું નથી, આગ ખૂબ જ ઝડપથી પ્રસરી ગઇ

બેંગકોક, તા. ૫(એપી): પૂર્વીય થાઈલેન્ડના એક ભીડભર્યા મ્યુઝિક પબમાં આજે વહેલી સવારે આગ ફાટી નિકળતા ઓછામાં ઓછા ૧૪ જણાનાં મોત થયા હતા તથા અન્ય ડઝનબંધ લોકોને ઈજા થઇ હતી એમ પોલીસ અને રેસ્ક્યુ કાર્યકરોએ જણાવ્યું હતું.

સોશ્યલ મીડિયા પર ફરતા વિડીયોએ દર્શાવ્યું હતું કે લોકો આ પબમાંથી ભાગી રહ્યા હતા જ્યારે કે તેના દરવાજામાંથી ગાઢ કાળો ધુમાડો નિકળી રહ્યો હતો અને જેમાંથી લોકો ભાગી રહ્યા હતા તે પ્રવેશદ્વાર પણ થોડી જ વારમાં આગમાં સપડાઇ ગયું હતું. પબમાંથી બહાર નિકળતા ઘણા લોકોના વસ્ત્રો સળગી રહેલા જણાતા હતા.

રેસ્ક્યુ કાર્યકરોએ જણાવ્યું હતું કે ત્રણ ડઝન કરતા વધુ લોકોને ઈજા થઇ હતી.

ચોનબુરી પ્રાંતના સત્તાહીપ જિલ્લામાં આવેલ માઉન્ટેન બી નામના આ પબમાં ફાટી નિકળેલી આગનું ચોકક્સ કારણ જાણવા મળ્યું નથી, તે રાજધાની બેંગકોકથી ૧૬૦ કિમી જેટલા અંતરે છે. આગના કારણ અંગે તપાસ ચાલી રહી છે એમ પ્રાંતીય પોલીસ વડાએ પીપીટીવીને જણાવ્યું હતું. પબના માલિક અને સ્ટાફના નિવેદન લેવાઇ રહ્યા છે અને પુરાવા ભેગા કરવા માટે પોલીસની ફોરેન્સિક ટીમ સ્થળ પર પહોંચી છે એમ તેમણે જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે આગ મધરાત પછી ૧૨.૪૫ કલાકે લાગી હતી. સ્ટેજના જમણી બાજુના ખૂણા પરથી આગ શરૂ થઇ હતી એમ એક નજરે જોનારાએ જણાવ્યું હતું.

ગાયકે પણ આ જોયું હશે અને તેણે આગ... એવી બૂમ પાડીને માઇક ફેંકી દીધું હતું. આ પબમાં આગ પકડી શકે તેવી સામગ્રી વડે સાઉન્ડપ્રુફિંગની વ્યવસ્થા કરવામાં આવી હતી અને આગ ખૂબ જ ઝડપથી ફેલાઇ ગઇ હતી.



» કાશ્મીરના 27 વર્ષીય સુલેખનકાર મુસ્તફા-ઇબ્ન-જમીલે સાત મહિનામાં 500 મીટરના આ સ્ક્રોલ પર પવિત્ર કુરાન લખીને નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. ફ્રન્ટિયર ગુરેઝના તુલાઇલ વિસ્તારના રહેવાસી જમીલે ગયા વર્ષે આ પ્રોજેક્ટ પર કામ કરવાનું શરૂ કર્યું હતું. તેમની સતત મહેનતનું પરિણામ એ આવ્યું કે તેમણે કુરાનના લેખનમાં દુનિયાને ઢાંકી દીધી. તેમની આ સિદ્ધિ લિંકન બુક ઓફ રેકોર્ડમાં નોંધાયેલી છે. લિંકન બુક ઓફ રેકોર્ડ્સે તેની સત્તાવાર વેબસાઇટ પર આનો ઉલ્લેખ કર્યો છે. તે કહે છે કે સુલેખન માટે વિશેષ આર્ટ પેપરની વ્યવસ્થા કરવામાં તેમને બે મહિનાનો સમય લાગ્યો હતો. જમીલનું કહેવું છે કે, ઘણી મહેનત બાદ તેને આ પેપર દિલ્હીની એક ફેક્ટરીમાંથી મળ્યું, કારણ કે તેને આ પેપર બજારમાં મળી શક્યું નથી. આ સાથે જમીલે સુલેખન માટે ખાસ શાહીની પણ વ્યવસ્થા કરવાની હતી. એ પછી તેમણે કુરાન લખવાનું શરૂ કર્યું. જમીલે કહ્યું કે તે આ વર્ષે જૂનમાં સ્ક્રોલ પેપર પર આખું કુરાન લખી શક્યો હતો. જમીલે જે કાગળ પર કુરાન લખ્યું છે તેની પહોળાઈ ૧૪.૫ ઈંચ અને લંબાઈ ૫૦૦ મીટર છે. જમીલના જણાવ્યા અનુસાર તેનો આખો પ્રોજેક્ટ દિલ્હીમાં જ પૂરો થયો હતો. તેમણે કહ્યું કે આ કામ પાછળ લગભગ 2.5 લાખ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા હતા.

## એલન મસ્કે ટ્વીટર પર વળતો દાવો માંડ્યો: છેતરપિંડીનો આરોપ

**ટ્વીટરે** જરૂરી માહિતી દબાવી રાખી હોવાનો અને પોતાની ટીમને ગેરમાર્ગે દોરી હોવાનો મસ્કનો આક્ષેપ

ન્યૂયોર્ક, તા. ૫(એપી): એલન મસ્કે ટ્વીટર પર આ સોશ્યલ મીડિયા કંપની સાથેના તેમના ૪૪ અબજ ડોલરના પડતા મૂકાયેલા દાવા અંગેના કાઉન્ટરસ્યુટમાં તેના પર છેતરપિંડીનો આક્ષેપ કર્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું તે ટ્વીટર કંપનીએ જરૂરી માહિતી દબાવી રાખી હતી અને તેના ખરા યુઝર બેઝ અંગે તેમની ટીમને ગેરમાર્ગે દોરી હતી એમ મીડિયા અહેવાલો જણાવે છે.વોશિંગ્ટન પોસ્ટના જણાવ્યા મુજબ આ અબજપતિ અને ટેસ્લા કંપનીના માલિક દ્વારા માંડવામાં આવેલા વળતા દાવામાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ટ્વીટર છેતરપિંડી કરી છે, કરારનો ભંગ કર્યો છે અને ટેક્સાસ સિક્યુરિટીઝ એક્ટનું ઉલ્લંઘન કર્યું છે. મસ્ક દ્વારા આ વળતો દાવો ગયા સપ્તાહે ગુપ્ત રીતે દાખલ કરવામાં આવ્યો હતો અને ડેલાવેર ચાન્સરી કોર્ટમાં ગુરુવારે મોડેથી એક ફાઇલિંગમાં અનસીલ થયો હતો એ મુજબ વોલ સ્ટ્રીટ જર્નલે અહેવાલ આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષની શરૂઆતાં મસ્કે ટ્વીટર કંપની ખરીદી લેવા માટેની ઓફર મૂકી હતી, પરંતુ ત્યારબાદ આ સોદામાંથી ખસી જવા માટે પ્રયાસ કરતા જણાવ્યું હતું કે ટ્વીટર પર આ કંપનીએ જણાવ્યું છે તેના કરતા ઘણા વધુ પ્રમાણમાં બનાવટી એકાઉન્ટો છે. આના પછી આ સોદો પૂરો કરવાના આગ્રહ સાથે ટ્વીટરે મસ્ક પર દાવો માંડ્યો હતો.



# 93 વર્ષની વયે વિંગ વૉક

યુકેના સિરેન્સેસ્ટર ખાતે સુ રાયડર માટે નાણાં એકઠાં કરતાં, બેટ્ટી એક 93 વર્ષીય દાદી, 4 ઓગસ્ટના રોજ બાયપ્લેનની પાંખો પર આકાશમાં ઉતર્યા હતા, અને સંપૂર્ણ લૂપ કર્યું હતું - એક નવો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ પૂર્ણ કર્યો હતો. છેલ્લા 12 મહિનામાં, બેટ્ટીએ પેસમેકર ફીટ કરાવ્યું હતું અને તેના ગળામાં સંધિવા છે તેથી તે હજી પણ આકાશમાં ઊંચે જઈ શકે છે કે કેમ તે અંગે અનિશ્ચિતતા હતી, પરંતુ તેમણે દરેકને સાબિત કરી દીધું કે તેઓ હજી પણ કરી શકે છે.



» અમેરિકાના ડલ્લાસમાં કન્ઝર્વેટિવ પોલિટિકલ એક્શન કોન્ફરન્સમાં હીરાજડિત ગન પર્સ વેચવા માટે મૂકાયું.

# મોદીના અધ્યક્ષસ્થાને આજે નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠક

**જુલાઇ** 2019 પછી પહેલીવાર રૂબરૂ બેઠક

નવી દિલ્હી, તા. 5 જેમ જેમ ભારત સ્વતંત્રતાના 75 વર્ષની ઉજવણી કરે છે, ત્યારે રાજ્યોએ ચપળ, સ્થિતિસ્થાપક અને આત્મનિર્ભર બનવાની અને સહકારી સંઘવાદની ભાવના સાથે 'આત્મનિર્ભર ભારત' તરફ આગળ વધવાની પ્રબળ જરૂરિયાત છે. સ્થિર, ટકાઉ અને સર્વસમાવેશક ભારતના નિર્માણ તરફના અભિયાનમાં, નીતિ આયોગની સાતમી ગવર્નિંગ કાઉન્સિલની બેઠક 7મી ઓગસ્ટ 2022ના રોજ યોજાશે અને તે કેન્દ્ર અને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે સહયોગ અને સહકારના નવા યુગ તરફ તાલમેલનો માર્ગ મોકળો કરશે. .

વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ ભવન સાંસ્કૃતિક કેન્દ્ર, નવી દિલ્હી ખાતે ગવર્નિંગ કાઉન્સિલની સાતમી બેઠકની અધ્યક્ષતા કરશે. બેઠકના કાર્યસૂચિમાં, પાક વૈવિધ્યકરણ અને તેલીબિયાં અને કઠોળ અને કૃષિ સમુદાયોમાં આત્મનિર્ભરતા હાંસલ કરવાનો સમાવેશ થાય છે; રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-શાળા શિક્ષણનો અમલ; રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું અમલીકરણ - ઉચ્ચ શિક્ષણ; અને શહેરી શાસન.

બેઠકની તૈયારીના ભાગરૂપે, જૂન 2022માં ધર્મશાળામાં મુખ્ય સચિવોની રાષ્ટ્રીય પરિષદ યોજાઈ હતી, જે કેન્દ્ર અને રાજ્યો દ્વારા છ મહિના લાંબી સખત કવાયતની પરાકાષ્ઠા હતી. આ પરિષદની અધ્યક્ષતા વડા પ્રધાનએ કરી હતી અને તેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારીઓ સાથે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોએ ભાગ લીધો હતો. 7મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠક ઉપરોક્ત દરેક વિષયો પર રોડમેપ અને પરિણામલક્ષી કાર્ય યોજનાને અંતિમ સ્વરૂપ આપવાનો પ્રયાસ કરશે.જુલાઈ 2019 પછી ગવર્નિંગ કાઉન્સિલની આ પ્રથમ વ્યક્તિગત બેઠક હશે. તે ખાસ કરીને મહત્વપૂર્ણ છે કારણ કે આપણે કોવિડ-19 રોગચાળાની પૃષ્ઠભૂમિ સામે અને આવતા વર્ષે G20 પ્રેસિડેન્સી અને સમિટની ભારતની યજમાનીના પ્રકાશમાં અમૃત કાળમાં પ્રવેશ કરીએ છીએ. આ બેઠકમાં સંઘીય પ્રણાલી માટે ભારતના પ્રમુખપદના મહત્વ અને G-20 પ્લેટફોર્મ પર તેમની પ્રગતિને પ્રકાશિત કરવામાં રાજ્યો જે ભૂમિકા ભજવી શકે છે તેના પર પણ ભાર મૂકવામાં આવશે.નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલ એ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સક્રિય સંડોવણી સાથે રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ અને વ્યૂહરચનાઓની સહિયારી દ્રષ્ટિ વિકસાવવાનું કામ સોંપાયેલ મુખ્ય સંસ્થા છે. ગવર્નિંગ કાઉન્સિલ આંતર-ક્ષેત્રીય, આંતર-વિભાગીય અને સંઘીય મુદ્દાઓ પરચર્ચાકરવામાટેએકપ્લેટફોર્મરજૂકરેછે.



» હોંગ કોંગ ખાતે સોંગકરાન ઉત્સવમાં ટોપી પહેરેલો એક કૂતરો અને પાણીના ફુવારામાં ઉભો છે.